# વિવિધ તથ્યો

- **"નીલી ક્રાંતિ"** મત્સ્ય ઉત્પાદનથી સંબંધ ધરાવે છે. ભારત વિશ્વમાં માછલીના ઉત્પાદનમાં **ત્રીજું સ્થાન** અને આંતરદેશીય મત્સ્યપાલનમાં વિશ્વનો બીજો સૌથી મોટો ઉત્પાદક સ્થાન ધરાવે છે.
- એવી નાણાંકીય વ્યવસ્થા જેમાં સરકારી વ્યય આવકથી વધુ હોય અને આ ખાધને પહોચી વળવા મુદ્રા છાપવામાં આવતી હોય તો તેને ખોટની વિત્ત–વ્યવસ્થા કેહવાય છે.
- ભારતમાં રોકાણ કરવાવાળા દેશોમાં પ્રથમ ત્રણ મોરેશિયસ, અમેરિકા અને બ્રિટન છે.
- ભારત પર્યટન વિકાસ નિગમની સ્થાપના સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમ તરીકે ૧ ઓક્ટોબર, ૧૯૬૬માં કરવામાં આવી.
- ૨૦૦૫–૦૬ની સ્થિતિએ સર્વાધિક પ્રતિ વ્યક્તિ આવકવાળું રાજ્ય ગોવા છે.
- સાર્વજનિક ક્ષેત્રમાં "અપનીવેશ"ની શરૂઆત ૧૯૯૧–૯૨થી પ્રારંભ થઇ.
- સાર્વજનિક ઉપક્રમોમાં અપનીવેશથી પ્રાપ્ત રાજસ્વના સુનિશ્ચિત પ્રયોગ માટે **૧ એપ્રિલ, ૨૦૦૫માં "રાષ્ટ્રીય નિવેશ(રોકાણ) નિધિ"**ની સ્થાપના કરવામાં આવી.
- ભારતમાં ડીઝલ એન્જીન બનાવવાનું પ્રથમા કારખાનું ૧૯૩૨માં મહારાષ્ટ્રના સતારનમાં સ્થાપવામાં આવ્યું.
- ભારતમાં મોટર વાહનોની સૌથી વધુ નિકાસ જવાહરલાલ નહેરુ બંદર પરથી કરવામાં આવે છે.\
- અમેરિકી પત્રિકા **"ટાઈમ્સ"** દ્વારા ઈન્ફોસીસ ટેકનોલોજીના **"નારાયણ મૂર્તિનું"** સ્થાન ટોપ–૨૫ વ્યવસાયિયોમાં રાખવામાં આવ્યું.
- વર્ષ **૧૯૮૧માં નારાયણમૂર્તિ દ્વરા "ઈન્ફોસીસ"** કંપનીની સ્થાપના કરવામાં આવી હતી જે અમેરિકી સ્ટોક એક્સજેંજ (**NASDAK**)માં શ્રેણીબદ્ધ થવાવાળી ભારતની પ્રથમ કંપની છે.
- વર્તમાનમાં નીચેના ૩ ઉદ્યોગો સાવર્જનિક ક્ષેત્ર માટે આરક્ષિત રાખવામાં આવ્યા છે. જેમાં ૧) પરમાણુ ઉર્જા ૨) રેલ્વે પરિવહન ૩) પરમાણુ ઉર્જાની અનુસૂચીમાં રહેલી

Downloaded from http://mm.rijadeja.com

ખનીજ કંપનીઓ, ૯ મે, ૨૦૦૧માં મંત્રીમંડળ નિર્ણય અનુસાર સુરક્ષા ઉત્પાદન ક્ષેત્રમાં પ્રાઈવેટ ક્ષેત્રનો પ્રવેશને અનુમતિ આપી છે જેના માટે કંપનીને રક્ષામંત્રાલય પાસેથી લેવાનું રહે છે.

- **"નેશનલ કોમોડીટી અને ડેરેવેટીક્સ એક્સજેંજ લિ.(NCDEX)"** દ્વારા કૃષિગત ઉત્પાદો માટે એક સૂચકાંક "**NCDEXAGRI**" ૩ મે. ૨૦૦૫માં પ્રારંભ કર્યું જે દેશનો પ્રથમ કોમોડીટી ઈન્ડેક્સ છે.
- ભારતમાં માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સજેંજની સંખ્યા ૨૪ છે.
- ભારતમાં સૌથી વધુ શાખાઓ વળી વિદેશી બેંક **"એ.એન.જેડ ગ્રીનલેન્ડ બેંક"** છે.
- **"રાજ સમિતિ"** કૃષિ જોતો માટે કર લગાવવાની શરૂઆત કરી હતી.
- નાબાર્ડની સ્થાપના છઠ્ઠી પંચવર્ષીય યોજના વખતે કરવામાં આવી.
- **"ગરીબી હટાઓ"** સુત્ર પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ આપવામાં આવ્યું હતું.
- **"ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ આયોગ"**ની સ્થાપના બીજી પંચવર્ષીય યોજના હેઠળ કરવામાં આવી.
- વર્ષ ૨૦૦૮–૦૯ માટે વયક્તિગત આવક કરથી પ્રાપ્ત આવક પર ૩% ઉપકર(CESS) લગાવવામાં આવ્યો.
- **"રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ સંસ્થાન"** હૈદરાબાદમાં છે.
- **"સુપર–૩૦૧"** અમેરિકી વ્યાપાર કાયદાની એક ધારા છે જે પોતાની આયાત આવક પર ઉચ્ચ સીમા શુલ્ક લેવાની સત્તા આપે છે.
- કેરલ રાજ્ય સિવાય પહેલો પૂર્ણ સાક્ષર જિલ્લો **પશ્ચિમ બંગાળની વર્ધમાન** છે.

Monday Musings

Downloaded from http://mm.rijadeja.com